©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, SEPTEMBER 18, 2025 / BHADRA 27, 1947 [No. 38

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૧૨૪/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૦૪.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923.

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક: જીજી/૧૨૪/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૦૪: ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળના વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨- ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં વર્ણવેલ ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (GETCO)-ના ૨૨૦ કેવી ઘીયાવડ સબ-સ્ટેશન, ગામ: ઘીયાવડ, તાલુકો: વાંકાનેર, જિલ્લો: મોરબી-ને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળના નામ અને સ્થળની હદોનું વર્ણન.

ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને વિસ્તાર	પ્રતિબંધિત વિસ્તારની હદો
ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ. ૨૨૦ કેવી ઘીયાવડ સબ-સ્ટેશન	ગામ: ઘીયાવડ તાલુકો: વાંકાનેર જિલ્લો: મોરબી.	૧૪૮ પૈકી ૪ કુલ વિસ્તાર: ૫૦,૦૦૦ ચોરસ મીટર પ્રતિબંધિત વિસ્તાર: ૫૦,૦૦૦ ચોરસ મીટર	પૂર્વે: સરવે નંબર ૧૪૮ પૈકી ૪-ની જમીન અને ત્યાર બાદ પીપરડી-જાલસીકા રોડ પશ્ચિમે: સરવે નંબર ૧૪૮ પૈકી ૪-ની જમીન ઉત્તરે: સરવે નંબર ૧૪૮ પૈકી ૪-ની જમીન દક્ષિણે: સરવે નંબર ૧૪૮ પૈકી ૪-ની જમીન અને ત્યાર બાદ સરવે નંબર ૧૫૩ પૈકીની જમીન.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.18 15:43:16 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar